प्रेस प्रकाशनी PRESS RELEASE

भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA

वेबसाइट : www.rbi.org.in/hindi
Website : www.rbi.org.in
ई-मेल/email : helpdoc@rbi.org.in

**संचार विभाग,** केंद्रीय कार्यालय, शहीद भगत सिंह मार्ग, फोर्ट, मुंबई - 400 001

**Department of Communication**, Central Office, Shahid Bhagat Singh Marg, Fort, Mumbai - 400 001 फोन/Phone: 022 - 2266 0502

14 ઓગસ્ટ, 2025

## ભારતીય રિઝર્વ બેંકે સર્વોદય કૉમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિ., મહેસાણા , જીલ્લો મહેસાણા, ગુજરાત પર લાદેલો નાણાકીય દંડ

ભારતીય રિઝર્વ બેંકે 08 ઓગસ્ટ 2025 ના આદેશ દ્વારા ગુજરાત રાજ્યના મહેસાણામાં આવેલી **સર્વોદય કૉમર્શિયલ કો-ઓપરેટિવ બેંક લિ.** (બેંક) પર 'શહેરી સહકારી બેંકોના નફામાંથી જાહેર/સખાવતી હેતુસર દાન/ફાળો આપવો'; 'નાણાકીય પત્રકો – પ્રસ્તુતિ અને જાહેરાતો', 'પ્રાથમિક (શહેરી) સહકારી બેંકોમાં નિરીક્ષણ અને ઓડિટ પ્રણાલીઓ', 'આવક ઓળખ, સંપત્તિ વર્ગીકરણ, જોગવાઈ અને અન્ય સંબંધિત બાબતો - શહેરી સહકારી બેંકો' અને 'તમારા ગ્રાહકને ઓળખો (કેવાયસી) પર ભારતીય રિઝર્વ બેંક બહાર પાડવામાં આવેલા નિશ્ચિત નિર્દેશોનું બેંક દ્વારા પાલન ન થવા બદલ ₹5 લાખ (રૂપિયા પાંચ લાખ પૂરા) નો દંડ લાદયો છે. બેંકિંગ નિયમન ધારો, 1949 ની કલમ 46(4) (i) અને 56 ની સાથે કલમ 47 એ (1) (સી) ની જોગવાઈઓ વંચાણે લેતાં ભારતીય રિઝર્વ બેંકને મળેલ સત્તાની રૂએ આ દંડ લાદવામાં આવ્યો છે.

ભારતીય રિઝર્વ બેંકે 31 માર્ચ 2024 ના રોજ બેંકની નાણાકીય સ્થિતિના સંદર્ભમાં તેનું વૈધાનિક નિરીક્ષણ કર્યું હતું. આરબીઆઈના નિર્દેશોનું પાલન ન કરવાના નિરીક્ષણીય તારણો અને તેને સંબંધિત પત્રવ્યવહારના આધારે બેંકને એક નોટિસ પાઠવવામાં આવી હતી જેમાં ઉપરના નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળતા બદલ તેના પર દંડ કેમ ન લાદવો તે સબબ કારણ જણાવવાનું કહેવામાં આવ્યું હતું. નોટિસ અંગે બેંકનો જવાબ અને વ્યક્તિગત સુનાવણી દરમિયાન કરવામાં આવેલી મૌખિક રજૂઆતોને ધ્યાનમાં લીધા બાદ ભારતીય રિઝર્વ બેંકને અન્ય બાબતોની સાથે બેંક સામે નીચે મુજબના આરોપ યથાવત રહેતા હોવાનું લાગતાં આ નાણાકીય દંડ લાદવામાં આવ્યો છે:

બેંકે

i. ટ્રસ્ટને નિર્ધારિત નિયામકીય મર્યાદા કરતાં વધારે દાન આપ્યું છે;
ii. નફા અને નુકસાન ખાતામાં નફાનો અને પાકા સરવૈયામાં મિલકતોનો સાચો અને વાજબી ચિતાર રજૂ કરવામાં બેંક નિષ્ફળ રહી છે;
iii. વ્યવહારોની સમાંતરે તપાસ કરવાને બદલે કંકરન્ટ ઓડિટ માસિક ધોરણે હાથ ધર્યું છે તેમ જ અહેવાલો રજૂ કરવામાં વિલંબ કર્યો છે;
iv. અમુક નોન-પર્ફોર્મિંગ એસેટ્સને નોન-પર્ફોર્મિંગ એસેટ્સની યોગ્ય પેટા-શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં બેંક નિષ્ફળ રહી છે; અને
v. અમુક ખાતાઓની ઓછામાં ઓછી છ માસમાં એક વખત જોખમ-વર્ગીકરણ (રિસ્ક કેટેગરાઈઝેશન)ની સામયિક સમીક્ષા કરવામાં બેંક નિષ્ફળ ગઈ છે.

સદર કાર્યવાહી નિયામકીય પાલનમાં ખામીઓ પર આધારિત છે અને તેનો હેતુ બેંક દ્વારા તેના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઈ પણ વ્યવહાર અથવા કરારની કાયદેસરતા બાબતે કોઈ અભિપ્રાય

આપવાનો નથી. વધુમાં, આ નાણાકીય દંડ લાદવાથી આરબીઆઈ દ્વારા બેંક સામે કરવામાં આવી શકે તેવી અન્ય કોઈ કાર્યવાહી પર કોઈ પ્રતિકૂળ અસર નહીં પડે.

**(પુનીત પંચોલી)**
**મુખ્ય મહાપ્રબંધક**

**પ્રેસ જાહેરાત: 2025-26/913**